# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૧૧(A) તા.૧-૧૨-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- તા.૧ લી ડિસેમ્બર 'સમાજ શિક્ષણ દિન'ના ફાળા બાબત.**

**સંદર્ભ :- અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિના પત્રક્રમાંક-૫૮/સ/શિ/ફા/ફા/૧૨.૧૭-૧૮ અન્વયે.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે સમાજ શિક્ષણ સમિતિ દ્વારા સમાજ સેવાની પાયાની પ્રવૃત્તિઓ જેવી કે બાલવાડી, ઘોડિયાઘર, માતૃકલ્યાણ કેન્દ્રો, શિશુ કલ્યાણ કેન્દ્રો, એઈડઝ અવેરનેશ, ગૃહ પુસ્તકાલય ચલાવવામાં આવે છે. આ સેવાયજ્ઞમાં સહકાર પ્રદાન કરવા માટે દર વર્ષે ૧ લી ડિસેમ્બરથી સમાજ શિક્ષણ દિન નિમિત્તે ફાળો એકત્ર કરવામાં આવે છે. તે અંતર્ગત તમારી શાળામાંથી પણ વધુને વધુ ફાળો એકત્ર થાય તેવા પ્રયાસો કરવા. તમારી શાળામાં ફાળો એકત્ર કરી જયારે સમાજ શિક્ષણ સમિતિના પ્રતિનિધિ ફાળો લેવા માટે આવે ત્યારે નાણાં આપી પહોંચ મેળવી શાળા દફતરે રાખવી.

તા.૧-૧૨-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૧૧(B) તા.૧-૧૨-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- શિક્ષક તાલીમ અંતર્ગત વિકલ્પ આપવા બાબત.**

**સંદર્ભ :- નં.એસએસએ / ટીટી / ૨૦૧૭ / ૪૭૨૪૩ - ૨ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરીનો તા.૨૭-૧૧-૧૧નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે માન.અગ્રસચિવશ્રી, શિક્ષણ તેમજ માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની સૂચના અનુસાર ઈન-સર્વિસ શિક્ષક તાલીમ બાબતે શિક્ષકોના અભિપ્રાય અને પસંદગી મેળવવાની કાર્યવાહી વેકેશન દરમ્યાન કરવામાં આવેલ. આ માટે એક ગુગલ ફોર્મ સર્વ શિક્ષા અભિયાનની વેબસાઈટ પર (www.ssagujarat.org) મુકવામાં આવેલ છે. આ અભિપ્રાયની અને ફોર્મ ભરવાની પદ્ધતિ માટે બાયસેગ દ્વારા દરેક શિક્ષકોને વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે. આજની તારીખે રાજયના કુલ ૫૧,૦૦૦ શિક્ષકોએ જ પોતાનો અભિપ્રાય / પસંદગી અપલોડ કરેલ છે. જે કુલ શિક્ષકોના ૨૫% શિક્ષકોનો જ અભિપ્રાય / પસંદગી દર્શાવે છે.

આમ તાલીમનું વિસ્તૃત અને જરૂરિયાત મુજબ આયોજન થઈ શકે તે માટે આ અભિપ્રાય ખૂબ જ અગત્યનો છે. આ ફોર્મ તા. ૪ ડીસેમ્બર સુધી ભરી શકાય તેમ છે તો તમામ મુખ્ય શિક્ષકોએ તેમની શાળાના વધુને વધુ શિક્ષકો આ ફોર્મ ભરી અભિપ્રાય / પસંદગી અપલોડ કરે તેમ જણાવવું.

તા.૧-૧૨-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી